RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 324, Dt.07-03-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિલ્હી સહિત ચાર રાજ્યોમાં કોરોનાએ ફરી માથુ ઉંચક્યુ



## રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ ઝપટે ચડયાઃ પાટનગર દિલ્હીમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૬૩ કેસ સામે આવ્યાઃ ઉત્તર ભારતના રાજ્યમાં કેસ વધતાં હાહાકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વભરના દેશોને મહિનાઓ સુધી બાનમાં લેનાર મહામારી કોરોનાએ ભારતના દિલ્હી સહિત ચાર રાજ્યોમાં માથુ ઉંચક્યું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ ઝપટે ચડયા છે.

પાટનગર દિલ્હીમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૬૩ કેસ નોંધાયા હતા જે ગત વર્ષના મે મહિના બાદના સૌથી વધુ છે. આ સિવાય રાજસ્થાન, ઉત્તર પ્રદેશ તથા બિહારમાં પણ સંક્રમણ તેજ બનતા આરોગ્ય વિભાગ એલર્ટ બન્યું છે. મહત્વની વાત એ છે કે, ઉત્તર ભારતના રાજ્યોમાં કેસ વધ્યા છે. જ્યારે દક્ષિણી રાજ્યોમાં ઓછા થયા છે અગાઉ આંધ્ર-કેરળ જેવા રાજ્યોમાં સંક્રમણ વધુ હતું.

પાટનગર દિલ્હીમાં છેલ્લા પખવાડિયામાં ૪૫૯ કેસ નોંધાયા હતા જેના આગલા પખવાડિયામાં માત્ર ૧૯૧ કેસ જ હતા. હવામાન પલ્ટા વચ્ચે કોરોના વધતા કેસથી આરોગ્ય વિભાગમાં સાવધ થયું છે. યુપીમાં ૧૫ દિવસમાં ૧૬૪ કેસ મળ્યા છે. જે અગાઉ માત્ર ૩૬ હતા.

રાજસ્થાનમાં છેલ્લા પખવાડિયામાં કોરોનાના ૨૨૬ કેસ નોંધાયા છે જે આગલા પખવાડિયામાં માત્ર ૯૬ હતા. સૂત્રોએ કહ્યું કે ટેસ્ટીંગ વધારાય તો સંખ્યા હજુ વધી શકે છે. ગત ડીસેમ્બર-જાન્યુઆરીમાં સંક્રમણ થોડું વધ્યા બાદ કાબુમાં આવી ગયું હતું. ૩૦ ડિસેમ્બરે ૮૪૧ કેસ નોંધાયા હતા તેમાંથી મોટાભાગના દક્ષિણના રાજ્યોમાં હતા.

# લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવાનું કાઉન્ટ ડાઉન શરૂ

## દેશભરમાં અર્ધ લશ્કરી દળો મોકલાશેઃ ચૂંટણીપંચ સાથે ગૃહમંત્રાલયની સતત બેઠકો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં હવે લોકસભા ચૂંટણીના કાર્યક્રમ જાહેર કરવાનું કાઉન્ટડાઉન શરૂ થયુ છે અને તા.૧૦ સુધીમાં ચુંટણીપંચ દેશના રાજયોના પ્રયાસો પુરા કર્યા બાદ તા.૧૨થી૧૬ માર્ચ સુધીમાં ચુંટણી બ્યુગલ વગાડી દેશે તે નિશ્ચિત છે.




વડાપ્રધાન સહિતના કેન્દ્રીય મંત્રીમંડળ તથા રાજયોના શાસકો દ્વારા પણ આખરી ઘડીના ખાતમુર્હુત-લોકાર્પણ સહિતના આયોજનોમાં હવે અંતિમ ઘડીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે તે સમયે દિલ્હીમાં કેન્દ્રીય ચુંટણી પંચ તથા ગૃહ મંત્રાલયે હવે ચૂંટણીમાં કાયદો-વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તથા ખાસ કરીને જમ્મુ-કાશ્મીર-મણીપુર-પ.બંગાળ ઉપરાંત નકસલગ્રસ્ત ક્ષેત્રોમાં પણ પુરતી સુરક્ષા માટે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની હેરફેરની પ્રાથમીક કામગીરી પુરી કરવામાં આવી છે.

હાલ જમ્મુ-કાશ્મીર અને મણીપુરમાં સૌથી મોટી સંખ્યામાં અર્ધલશ્કરી દળો તૈનાત છે. ચુંટણીપંચે દેશભરમાં અર્ધલશ્કરી દળોની ૩૪૦૦ કંપનીઓને તૈનાત કરવા હમંત્રાલયને જણાવ્યું છે. આ તમામ ચુંટણી જાહેરાત પુર્વે જ તેમને ફાળવાયેલા ક્ષેત્રોમાં પહોંચી જાય તે માટે રેલવેને પણ ખાસ ટ્રેનો દોડાવવા તથા તેને અગ્રતા આપવા સૂચના છે. સ્થાનિક સ્તરે મતદાન મથકો, મતગણતરી કેન્દ્રો તથા ઈવીએમના સ્ટ્રોંગરૂમ વિ.ની વ્યવસ્થા શરૂ થતા જ ત્યાં ફાળવવામાં આવનાર અર્ધલશ્કરી દળોને પહોંચાડવામાં અગ્રતા અપાશે.

દેશમાં જમ્મુ-કાશ્મીર અને મણીપુર બાદ સૌથી વધુ અર્ધલશ્કરી દળો પ.બંગાળમાં ગોઠવાશે. અહી કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની સૌથી વધુ ૯૨૦ કંપનીઓ તૈનાત થશે અને તેના માટે મણીપુર જમ્મુ-કાશ્મીરમાં અર્ધ લશ્કરી દળોની હાજરી ઘટાડાશે. જમ્મુ-કાશ્મીરમાં અર્ધલશ્કરી દળોની કુલ ૬૩૫ કંપનીઓ તૈનાત કરવામાં આવશે.

અયોધ્યામાં રામમંદિર તથા સમગ્ર શહેરમાં હાલ કેન્દ્રીય અનામત પોલીસ દળ (સીઆરપીએફ)ની ટુકડીઓ તૈનાત છે. જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદ સામે તૈનાત કેન્દ્રીય દળોને ચુંટણી ફરજ પર પણ મુકવામાં આવશે. જો કે રાજયમાં ધારાસભા ચુંટણીઓ સપ્ટેમ્બર પુર્વે યોજાશે. જમ્મુ-કાશ્મીરના સ્થાનિક પ્રાદેશિક પક્ષો ધારાસભા-લોકસભા ચૂંટણી સાથે યોજવાની માંગણી કરી રહ્યા છે.

જયારે આ એક રાજકીય નિર્ણય હશે અને તે સરકાર સાથે પરામર્શ બાદ ચૂંટણીપંચ નિર્ણય લેશે પરંતુ તે પુર્વે જમ્મુ-કાશ્મીરને પુનઃ રાજયનો દરજજો આપવા સહિતની પ્રક્રિયા કરવી પડશે જેથી હવે બન્ને ચૂંટણીઓ (ધારાસભા-લોકસભા) સાથે યોજાય તેવી શકયતા નહીવત છે.

# ગાઝિયાબાદની ફેકટરીમાંથી નકલી દવાનો જથ્થો મળી આવતાં ખળભળાટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નજીકના ગાઝિયાબાદમાં એક ફેકટરીમાં દરોડા દરમિયાન બ્લડપ્રેસર, ડાયાબીટીસ અને એન્ટાસિડની નકલી દવાઓનો જથ્થો મળી આવતા ખળભળાટ મચી ગયો છે. આ દરોડામાં ૧.૧૦ કરોડની નકલી દવા જપ્ત કરાઇ છે.





દિલ્હી નજીક ગાઝિયાબાદમાં એક ફેક્ટરી પર દરોડા દરમિયાન ચોંકાવનારૂ સત્ય સામે આવ્યું. અહીં એલઇડી બલ્બ બનાવવાના નામે ચાલતા કારખાનામાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને એન્ટાસિડની નકલી દવાઓ બનાવીને બજારમાં વેચતા હોવાનું કૌભાંડ પકડાયું હતું. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ફેક્ટરી અને વેરહાઉસમાંથી લગભગ ૧ કરોડ ૧૦ લાખ રૂપિયાની નકલી દવાઓ જપ્ત કરી હતી.

પોલીસનું કહેવું છે કે, આ ફેક્ટરીમાં બ્રાન્ડેડ દવાઓની નકલ કરીને નકલી દવાઓ બનાવવામાં આવતી હતી. આ તમામ દવાઓ ભારતમાં સૌથી વધુ વેચાય છે. એ પણ શક્ય છે કે તમારા પરિવારમાં કોઈ વ્યક્તિ આ દવાઓ લેતી હોય. મોટી વાત એ છે કે અહીં જે નકલી દવાઓ બનાવવામાં આવી રહી છે તે હૈદરાબાદ સુધી સપ્લાય કરવામાં આવતી હતી.


# રોકાણકારોની સંપત્તિમાં આઠ જ માસમાં રૂ. ૧૦૦ લાખ કરોડનો વધારો થશે

## લિસ્ટેડ શેરોની માર્કેટ કેપ મંગળવારે રૂ. ૩૯૩ લાખ કરોડની નજીક

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દેશના શેરબજારમાં ચાલી રહેલી અવિરત તેજીને પરિણામે રોકાણકારોની સંપતિમાં માત્ર આઠ મહિનાના ગાળામાં રૂપિયા ૧૦૦ લાખ કરોડનો વધારો થવાની તૈયારીમાં છે. પાંચમી જુલાઈ ૨૦૨૩ના રૂપિયા ૩૦૦ લાખ કરોડનો આંક પાર કર્યા બાદ બીએસઈ લિસ્ટેડ શેરોની માર્કેટ કેપ હાલમાં રૂપિયા ૪૦૦ લાખ કરોડની નજીક પહોંચી ગઈ છે.

બીએસઈ લિસ્ટેડ શેરોની માર્કેટ કેપ મંગળવારે રૂપિયા ૩૯૩ લાખ કરોડની નજીક રહી હતી.



દેશના શેરબજારોમાં મિડ-કેપ તથા સ્મોલ-કેપ શેરોમાં વ્યાપક તેજીને પરિણામે માર્કેટ કેપમાં ઝડપી વધારો થયો છે. શેરોના નવા લિસ્ટિંગ ઉપરાંત અગાઉથી લિસ્ટેડ શેરોના ભાવમાં જોવાયેલા સુધારાને પરિણામે માર્કેટ કેપમાં વધારો થયો છે, એમ એક રિસર્ચ પેઢીના સુત્રોએ જણાવ્યું હતું.

બીએસઈ લિસ્ટેડ શેરોની રૂપિયા ૫૦ લાખ કરોડની માર્કેટ કેપ સૌપ્રથમ ૨૦૦૭માં જોવા મળી હતી ત્યારબાદ તેમાં તબક્કાવાર વધારો થતો જોવા મળ્યો છે. રૂપિયા ૨૦૦ લાખ કરોડની માર્કેટ કેપ ફેબ્રુઆરી, ૨૦૨૧માં જોવા મળી હતી. ભારતીય શેરબજાર હાલમાં ભલે તેજીના વકલમાં હોય પરંતુ ખાસ કરીને મિડ-કેપ્સ તથા સ્મોલ-કેપ્સમાં ઓવરવેલ્યુએશન ચિંતાનો વિષય કહી શકાય એમ છે.

# લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી બાબતે આજે કોંગ્રેસની બેઠક

## રાહુલ અમેઠીમાંથી અને પ્રિયંકા રાયબરેલીમાંથી લડવા તૈયારઃ રાયબરેલીમાં પ્રિયંકાને આવકારતા પોસ્ટરો લાગ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં હવે આગામી સપ્તાહમાં જાહેર થનારી લોકસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસ પક્ષે તેના ઉમેદવારો નિશ્ચિત કરવાની પ્રક્રિયા તેજ બનાવી છે અને આજે સાંજે કોંગ્રેસની મધ્યસ્થ ચૂંટણી સમિતિની પ્રથમ બેઠક યોજાશે.જેમાં ૧૦૦ થી ૧૨૫ નામો પર વિચારણા બાદ મંજુરીની મહોર લાગશે. જેમાં સૌથી મહત્વનું ગાંધી કુટુંબ ફરી ઉત્તર પ્રદેશમાં ચૂંટણી લડવા જઈ રહ્યો છે. તે નિશ્ચિત સંકેત મળ્યા છે.



રાહુલ ગાંધી તેમનાં મતક્ષેત્ર અમેઠીમાં ઉપરાંત હાલના મતક્ષેત્ર કેરળના વાયનાડમાં પણ ચૂંટણી લડી શકે છે. જયારે પૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી હવે લોકસભા ચૂંટણી લડવાના નથી તે નિશ્ચિત થતા રાયબરેલી બેઠક પર તેમના પુત્રી અને પક્ષનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી મેદાનમાં આવશે.

૨૦૧૯ માં રાહુલ ગાંધીએ અમેઠી બેઠક ભાજપના મહિલા નેતા અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે ૫૫૦૦૦ થી વધુ મતોએ ગુમાવી હતી અને હવે ફરી સ્મૃતિ ઈરાનીએ રાહુલને અમેઠીની ચૂંટણી લડવા પડકાર આપ્યો છે. અમેઠીમાં હવે કોંગ્રેસ પક્ષે રાહુલ ગાંધીના પ્રચારની તૈયારી પણ શરૂ કરી છે તો રાયબરેલી બેઠક પર ગાંધી કુટુંબનો જ કબજો રહ્યો અને ફિરોઝ ગાંધી, ઈન્દીરા ગાંધી અને સોનિયા ગાંધી અહીંથી ચૂંટાયા છે હાલ પ્રિયંકા ગાંધી આ બેઠક પર લડશે.‘‘

તેઓએ આ મત ક્ષેત્રથી પરિચીત છે. સોનિયા ગાંધીના ખરાબ સ્વાસ્થ્યને કારણે પ્રિયંકા જ રાયબરેલીની સંભાળ લેતા હતા. રાયબરેલીમાં પ્રિયંકા ગાંધીને ચૂંટણી લડવા આમંત્રણ આપતા પોસ્ટર પણ લાગી ગયા છે. જયારે રાયબરેલી પુકારતી, પ્રિયંકા ગાંધીનુ આઈએ લખાયું છે. ઉતર પ્રદેશ કોંગ્રેસ પક્ષે પણ આ માટે પ્રસ્તાવ મોકલી આપ્યો છે. અગાઉ દમણ દીવ કોંગ્રેસે પણ પ્રિયંકા ગાંધીને આ કેન્દ્ર શાસીત પ્રદેશની બેઠક પર ચૂંટણી લડવા આમંત્રણ આપ્યું હતું.

તેલંગાણા કોંગ્રેસ પણ પ્રિયંકાને માટે સલામત બેઠક ઓફર કરવા તૈયાર છે. જયાં ખમ્માન બેઠક પર લડવા જણાવાયું છે. ૨૦૧૯ માં સોનિયા ગાંધી ૧.૬૭ લાખ મતે જીત્યા હતા. જોકે ૨૦૧૪ માં તેઓને ૩.૫૨ લાખ મતો મળ્યા તેમાં ઘટાડો થયો હતો.અગાઉ સપા-બસપા બન્ને રાયબરેલી અને અમેઠીમાં કોંગ્રેસને ટેકો આપતા હતા પણ આ પૂર્વે જ અમેઠી રાયબરેલીનાં કોંગ્રેસનાં ત્રણ ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કરીને પક્ષની ચિંતા વધારી દીધી છે. પણ જો રાહુલ-પ્રિયંકા યુપીની આ બેઠકો લડે તો કોંગ્રેસ પક્ષને બાકીની બેઠક પર પણ આત્મ વિશ્વાસ આપે તેવા સમીકરણો પણ પ્રિયંકા ગાંધીને તેની પ્રથમ ચૂંટણીમાં જ જોખમમાં મુકવા પર કોંગ્રેસ પક્ષ વિચારણા કરે છે. જેની સામે ભાજપ રાયબરેલીમાં પણ કોઈ મહિલા-સેલીબ્રીટી ચહેરાને ઉતારે તો આશ્ચર્ય થશે નહિં.

# RBIએ ક્રેડિટ કાર્ડ જારી કરવાના નિયમોમાં કર્યો ફેરફારઃક્રેડિટ કાર્ડ લેતા પહેલા RBIએ જાહેર કરેલી ગાઈડલાઈનનો અભ્યાસ જરૂરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવે ક્રેડિટ કાર્ડ લેતી વખતે તમને તમારી પસંદગી મુજબ કાર્ડ નેટવર્ક પસંદ કરવાની સુવિધા મળશે. આરબીઆઈએ ક્રેડિટ કાર્ડ નેટવર્ક અને કાર્ડ જારી કરતી બેંકો અને એનબીએફસી માટે નવી માર્ગદર્શિકા જારી કરી છે. આ મુજબ, હવે કાર્ડ ઇશ્યુ કરનારે તેના ગ્રાહકોને ક્રેડિટ કાર્ડ જારી કરતી વખતે એકથી વધુ કાર્ડ નેટવર્કમાંથી પસંદ કરવાનો વિકલ્પ આપવો પડશે. બેંકોએ ગ્રાહકને પૂછવું પડશે કે તેને કયું નેટવર્ક ક્રેડિટ કાર્ડ જોઈએ છે.




જ્યારે જૂના ક્રેડિટ કાર્ડ યુઝર્સને કાર્ડ રિન્યુ કરતી વખતે કાર્ડ નેટવર્ક બદલવાનો વિકલ્પ મળશે. તમને જણાવી દઈએ કે દરેક ક્રેડિટ કાર્ડની વેલિડિટી હોય છે, જે એક, બે, ત્રણ વર્ષ કે તેથી વધુ હોઈ શકે છે. કાર્ડની સમાપ્તિ પર તમે નેટવર્ક બદલી શકશો.

નવી માર્ગદર્શિકા અનુસાર, આ નિયમો તે સંસ્થાઓ પર લાગુ થશે નહીં જેમના કાર્ડની સંખ્યા ૧૦ લાખ અથવા તેનાથી ઓછી છે. વધુમાં, કાર્ડ રજૂકર્તાઓ કે જેઓ તેમના પોતાના અધિકૃત કાર્ડ નેટવર્ક પર ક્રેડિટ કાર્ડ જારી કરે છે તેમને બાકાત રાખવામાં આવ્યા છે. મહેરબાની કરીને નોંધ કરો કે આ નિયમો નોટિફિકેશનની તારીખથી ૬ મહિના સુધી અસરકારક રહેશે.

હાલમાં ભારતમાં ૫ કાર્ડ નેટવર્ક કંપનીઓ છે - Visa, MasterCard, RuPay, American Express અને Diners Club. આ કંપનીઓ વિવિધ નાણાકીય સંસ્થાઓ સાથે જોડાણ ધરાવે છે. આ કારણે ગ્રાહકને તેની પસંદગીનું કાર્ડ નેટવર્ક પસંદ કરવાનો વિકલ્પ મળતો નથી.

કેટલાક કાર્ડ નેટવર્ક ક્રેડિટ કાર્ડ્સ પર અન્ય કરતા વધુ વાર્ષિક ફી વસૂલ કરે છે. આવી સ્થિતિમાં, જો કોઈ બેંક તમને એકથી વધુ કાર્ડ નેટવર્કનો વિકલ્પ નહીં આપે, તો તમારે તે નેટવર્ક માટે ચૂકવણી કરવાની ફરજ પડશે જેની ફી વધારે છે. જો તમને એક કરતા વધુ કાર્ડ નેટવર્કનો વિકલ્પ મળે છે, તો તમે તમારી જરૂરિયાત, તેની ફી અને નેટવર્ક પર ઉપલબ્ધ સુવિધાઓના આધારે યોગ્ય વિકલ્પ પસંદ કરી શકશો.

વિઝા એ વિશ્વની સૌથી મોટી કાર્ડ કંપની છે. તે ૨૦૦ થી વધુ દેશો અને પ્રદેશોમાં હાજર છે. તેનું માર્કેટ કેપ ૪૮૯.૫૦ અબજ રૂપિયા એટલે કે લગભગ ૪૦ લાખ કરોડ રૂપિયા છે. વિઝા પછી, વિશ્વની બીજી સૌથી લોકપ્રિય કેશલેસ પેમેન્ટ કંપની માસ્ટરકાર્ડ છે. આજે માસ્ટરકાર્ડ ૧૫૦ દેશોમાં હાજર છે અને તેનું માર્કેટ કેપ રૂ. ૩૭૨.૫૫ બિલિયન એટલે કે લગભગ રૂ. ૩૦ લાખ કરોડ છે.

RuPay ભારતમાં તેના પ્રકારનું પ્રથમ સ્થાનિક ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ નેટવર્ક છે. આ નામ રૂપિયા અને ચુકવણી બે શબ્દોથી બનેલું છે. તે માર્ચ ૨૦૧૨ માં વિદેશી કાર્ડ નેટવર્કની એકાધિકારને સમાપ્ત કરવા માટે શરૂ કરવામાં આવી હતી.

બેંક બજારના એક અહેવાલ મુજબ, એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ભારતમાં ૮.૬ કરોડ ક્રેડિટ કાર્ડ ચલણમાં હતા, જે એપ્રિલ ૨૦૨૨ માં ૭.૫ કરોડથી ૧૫% વધ્યા હતા. એવું માનવામાં આવે છે કે ૨૦૨૪ની શરૂઆતમાં ક્રેડિટ કાર્ડની સંખ્યા ૧૦ કરોડને પાર કરી જશે.

# ગુજરાત સહિત ૩ રાજ્યોમાં લાખો રૂપિયા લઈને ગેરકાયદે રીતે વિદેશ મોકલવાનું કૌભાંડ, ૨૯ ઠેકાણે ઈડીના દરોડા

## દસ્તાવેજો-ડિવાઈસ, વૈભવી કારો જપ્ત, બેંક ખાતા ફ્રીઝઃ બનાવટી દસ્તાવેજોથી વિઝા અપાવવા માટે લોકો પાસેથી ૬૦ લાખથી લઈ ૧.૭૫ કરોડ રૂપિયા વસુલાતા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કેન્દ્રીય એજન્સી ઇડીએ ગુજરાત, દિલ્હી, મહારાષ્ટ્ર સહિત કેટલાક સ્થળોએ ફરી દરોડા પાડયા છે. વિદેશમાં ભારતીયોને મોકલવા માટે ચાલી રહેલા રેકેટની તપાસના ભાગરૂપે આ દરોડા પાડવામાં આવ્યા છે. ગુજરાત સહિતના કેટલાક રાજ્યોથી અમેરિકા, કેનેડા વગેરે દેશોમાં ગેરકાયદે ભારતીયોને મોકલવા માટે એક મોટુ રેકેટ ચાલી રહ્યું છે. ઇડીએ બેંક ખાતા ફ્રીઝ કરી દીધા છે જ્યારે આરોપીઓની પાસેથી દસ્તાવેજો અને ડિવાઇસ પણ મળી આવ્યા છે.




આ રેકેટ સાથે સંકળાયેલા એજન્ટો અને અન્યોની એજન્સીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ઇડીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે મની લોન્ડરિંગ કાયદા અંતર્ગત અમે ૧ માર્ચથી આ ત્રણ રાજ્યોમાં આશરે ૨૯ જેટલા સ્થળોએ દરોડા પાડયા હતા. આ જ પ્રકારની તપાસ ગત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં પણ કરવામાં આવી હતી. ગુજરાત પોલીસ દ્વારા કેટલાક મુખ્ય આરોપીઓ જેમ કે ભરતભાઇ ઉર્ફે બોબી પટેલ, રાજુભાઇ બેચરભાઇ પ્રજાપતિ, ભાવેશ અશોકભાઇ પટેલ અને અન્ય કેટલાક સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી તે બાદ ઇડી દ્વારા આ તપાસ અભિયાન શરૂ કરાયું છે.

પોલીસે ચાર્જશીટમાં ખુલાસો કરતા કહ્યું હતું કે આરોપીઓ ભારતીયોના બનાવટી દસ્તાવેજો તૈયાર કરાવીને તેમને વિઝા અપાવીને વિદેશ મોકલી રહ્યા છે, આ રેકેટ ૨૦૧૫થી ચાલી રહ્યું છે. ઇડીએ જણાવ્યું હતું કે આ બનાવટી દસ્તાવેજોના આધારે વિઝા અપાવવા બદલ આરોપીઓ એક વ્યક્તિ પાસેથી ૬૦થી ૭૫ લાખ રૂપિયા પડાવવામાં આવતા હતા. જ્યારે કપલ હોય તો એકથી સવા કરોડ રૂપિયા લેવામાં આવતા હતા. જો કપલની સાથે બાળકો હોય તો રકમ બમણી થઇને ૧.૭૫ કરોડ સુધી પહોંચી જતી હતી.

તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે કેટલાક વિદ્યાર્થીઓને બોગસ વિદ્યાર્થી વિઝા અપાવાતા હતા જ્યારે તેઓને જે શૈક્ષણિક સંસ્થા માટે વિઝા મળ્યા હોય ત્યાં તેઓ ક્યારેય પણ જોડાયા નહોતા. ભરત પટેલની પોલીસે ૨૦૨૨માં ધરપકડ કરી હતી. અત્યંત ઠંડીમાં કેનેડાથી અમેરિકા પગપાળા જતી વખતે એક પરિવારનું મોત નિપજ્યું હતું તે કેસમાં પણ ગુજરાતી એજન્ટનું નામ ખુલ્યું હતું. ઇડીની તાજેતરની તપાસમાં આ તમામને સાંકળી લેવામાં આવ્યા છે અને તેમની પાસેથી સાચા પાસપોર્ટ, ઓળખપત્રો, ડિજિટલ ડિવાઇસ, બે વૈભવી કારને જપ્ત કરાયા છે સાથે જ રૂપિયા ૫૦.૧૦ લાખની ડિપોઝિટ સાથે બેંક ખાતાને ફ્રીઝ કરાયા છે.

# કાલે મહાશિવરાત્રીઃ હર હર મહાદેવના નારાથી ભવનાથ ગુંજી ઉઠયું







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

આવતીકાલે શિવરાત્રિ છે, જોકે જૂનાગઢના ભવનાથમાં શિવરાત્રિના એક દિવસ પહેલાં જ મેળો રંગે ચંગે જામ્યો છે. લાખોની સંખ્યામાં ભાવિકોની ભીડ મેળામાં ઊમટી પડી છે. હર હર મહાદેવના નાદ સાથે સાધુ-સંતો અને નાગાબાવાઓ પોતાની ધૂણી ધખાવીને બેઠા છે. લોકો પોતાના પરિવાર સાથે મેળાની મોજ માણવા આવી રહ્યા છે. ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમમાં ભાવિકો પુણ્યનું ભાથું ભરવા ભવનાથ ક્ષેત્રમાં ઊમટી પડ્યા છે તેમજ કાલે મૃગીકુંડમાં શાહી સ્નાન પણ કરશે. ત્યારે મેળામાં આવનારા ભાવિકોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે એ માટે જૂનાગઢ પોલીસ દ્વારા ખાસ પોલીસકર્મીઓને તહેનાત કરવામાં આવ્યા છે તેમજ ૨૪ કલાક ખડે પગે રહી પોલીસ દ્વારા શિવરાત્રિ મેળામાં નજર રાખવામાં આવી રહી છે.

મોડીરાત્રે ભરડા વાવથી ભવનાથ પહોંચવા માટે લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા. લોકો પોતાના પ્રાઈવેટ વાહનો લઈ મેળામાં જવા ઈચ્છતા હતા. પરંતુ પોલીસ દ્વારા તેમને રોકી ચાલીને મેળામાં જવા માટે સૂચના આપવામાં આવી હતી. ભરડા વાવથી તમામ પ્રકારનાં પ્રાઇવેટ વાહનોને રોકી દેવામાં આવ્યાં હતાં. જૂનાગઢ ગર્વ ટીમ દ્વારા રસ્તા પરનો ટ્રાફિક તાત્કાલિક દૂર કરવામાં આવ્યો હતો. તેમજ ડીવાયએસપી દ્વારા મેળામાં આવતા પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે, ભાવિકો પોતાના પ્રાઈવેટ વાહનો લઈને મેળામાં ન આવે. તેના બદલામાં રિક્ષા કે બસમાં ભવનાથ સુધી આવી મેળાની મજા માણે.

## જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુની સુંદર કામગીરી બદલ ડી.જી.પી કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૨ એવોર્ડમાંપસંદગી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુની ડી.જી.પી કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૨ એવોર્ડમાં સિલ્વર ડિસ્કમાં પસંદગી જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુને (''ઉત્કૃષ્ટ'ત ભજ્ઞળળયક્ષમફશિંજ્ઞક્ષ મશતભ-૨૦૨૨) એવોર્ડ માં સિલ્વર ડિસ્કમાં પસંદગી કરવામાં આવી. ફરજ દરમ્યાન ના શહેર માં આવેલ કુખ્યાત અસામાજીક તત્વો, ગુંડાઓ તથા બળજબરીથી સરકારી તથા ખાનગી માલીકીની જમીન પર કબજો કરતા ઇસમો વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ તથા ગુજસીટોક અન્વયે જુદા જુદા ગુના દાખલ કરાવી આરોપીઓ વિરુધ્ધમા જરૂરી દસ્તાવેજી પુરાવા એકત્રીત કરાવી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આવા અસામાજીક તત્વોથી ત્રસ્ત સામાન્ય નાગરીકોને ન્યાય અપાવડાવેલ તથા બાહોશ નીડર એવા પ્રેમસુખ ડેલુ હિમ્મત અને સુઝબુઝ ભરી કામગીરી કરેલ.શહેરમાં અસામાજીક તત્વો ના ત્રાસ ને દુર કરી સામાન્ય નાગરીક અને પોલીસ વચ્ચે સમન્વય સાધી સામાન્ય નાગરીકના માનસ પર પોલીસ વિભાગની છબી સુધારેલ અને પોલીસ તમામ પ્રજા ની મિત્ર છે જે સંદેશો સમાજમાં ફેલાવેલ છે. આમ, પ્રેમસુખ ડેલૂની સંતોષપૂર્વક કામગીરી બદલ 'ડી.જી.પી. કમેન્ડેશન ડિસ્ક-૨૦૨૨' આગામી ગુરૂવારના રોજ ગાંધીનગર ખાતે સન્માનિત કરવા માં આવશે.

## મોરબીના વિજયનગરના નાકે રિક્ષા ગટરમાં ખાબકીઃ રિક્ષાચાલક ઈજાગ્રસ્ત





**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

મોરબીના રોહિદાસપરા પાછળ આવેલ વિજયનગરના નાકા પાસે આજે સવારના અરસામાં ખુલ્લી ગટરના કારણે અકસ્માત સર્જાયો હતો. રિક્ષાનું આગળનું વ્હીલ ગટરમાં ગરી જતાં રિક્ષાચાલક થપાટ ખાઇને આગળના કાચ પર પટકાયો હતો. જેથી માથાના ભાગે ઇજા પહોચી હતી.

જેથી આસપાસના લોકો ભેગા થયા હતા અને સેવાભાવી અને નિવૃત ફોરેસ્ટ ઓફિસર સુખાભાઈ મકવાણા સહિતનાઓએ ૧૦૮ નંબરમાં જાણ કરી રિક્ષાચાલકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. બીજી તરફ ખુલ્લી ગટરના ઢાંકણાના કારણે સ્થાનિક રહીશોએ ઘટનાને લઈને જણાવ્યું હતું કે, રોહિદાસપરા તથા વિજયનગર વિસ્તારમાં અનેક તુટેલી હાલતમાં ગટરના ઢાંકણા છે. નગરપાલિકાના માણસો ગટરને સાફ-સફાઈ કરવાના બદલે તોડીને જતા રહે છે. અવારનવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. નાના બાળકો રમતા હોય છે. જો કોઈ અન્ય દુર્ઘટના સર્જાઇ તો જવાબદારી કોની રહેશે.

## જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવાની માંગ સાથે જામનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓ દ્વારા સુત્રોચ્ચાર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવાની માંગ સાથે જામનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓ દ્વારા સુત્રોચ્ચાર દેખાવો, કરવામાં આવ્યા હતાં અને પેન ડાઉન કાર્યક્રમમાં જોડાયા હતાં.

રાજ્ય કર્મચારી મહામંડળ અને રાજ્ય સંયુકત કર્મચારી મોરચાનો આદેશ મુજબ જિલ્લા પંચાયત કર્મચારી સંઘ દ્વારા આજે મંડળના તમામ કર્મચારીઓ જિલ્લા, તાલુકા કક્ષાએ આશરે ૪૫૦૦ કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સરકાર જુની પેન્શન યોજના ફરી વખત શરૂ કરે, ફિકસ પે પ્રથા નાબુદ કરે અને સાતમા પગાર પંચ પ્રમાણે ઘણાં સમયથી હપ્તાઓ ભથ્થાઓ મળતા નથી એ માંગણી સાથે આજે તા. ૬ ના પેનડાઉન, ચોકડાઉન કાર્યક્રમ આપી સુત્રોચાર દેખાવો કરવામાં આવ્યા હતાં. જો સરકાર માંગણી નહીં સ્વીકારે તો વધુ ઉગ્ર આંદોલનના મંડાણ થશે તેવી ચિમકી પણ આપી છે. આજે જામનગર જિલ્લા પંચાયત કચેરી પાસે કર્મચારીઓ દ્વારા આંદોલન કરાયું હતું.

## મોરબી જીલ્લામાં રાષ્ટ્રીય સંયુક્ત મોરચા દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા મહામતદાન યોજાયું

### શિક્ષકો અને કર્મચારીઓએ મતપત્રકમાં પોતાની માંગણી સામે ટીક માર્ક કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી જીલ્લામાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પ્રેરિત રાષ્ટ્રીય સંયુક્ત મોરચા દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા મહા મતદાનનું આયોજન કરાયું હતું તથા આ સાથે મોરબી જીલ્લાના શિક્ષકો સહિત તમામ કર્મચારીઓ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરી શટ ડાઉન, પેન અને ચોક ડાઉન કરી સરકાર સામે બાયો ચડાવી હતી.

મોરબીમાં છેલ્લા ત્રણેક વર્ષથી શિક્ષકો સહિતના તમામ કર્મચારીઓ જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા માટે અને અન્ય પડતર પ્રશ્નો માટે આંદોલન ચલાવી રહ્યા છે, વિધાનસભાની ચૂંટણી પહેલાં પાંચ મંત્રીઓની કમિટીએ વર્ષ ૨૦૦૫ પહેલાં નિમણુંક પામેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હતો,વખતોવખત રજુઆત કરવા છતાં ઠરાવ બહાર પાડેલ નથી તેમજ HTAT મુખ્ય શિક્ષકો નોકરીમાં લાગ્યા એને તેર તેર વર્ષના વાણા વાઈ ગયા અત્યાર સુધી અનેક બેઠકો, મિટિંગો થઈ ગઈ છતાં ઈઝઅઝ મુખ્ય શિક્ષકોના નિયમો બહાર પાડ્યા ન હોય, શિક્ષકો સહિતના મોરબી જીલ્લાના તમામ કર્મચારીઓ પોતાની માંગણીઓ માટે મહા મતદાન કર્યું હતું, જેમાં મોરબી જીલ્લાની તમામ પે સેન્ટર શાળાએ ચૂંટણી મથકમાં એક એક પ્રિસાઈડિંગ ઓફિસરની નિમણુંક કરવામાં આવેલ છે, પે સેન્ટર ઉપર તમામ શિક્ષકો તેમજ તલાટી મંત્રીઓ ગ્રામ્ય લેવલના અન્ય કર્મચારીઓ મત પત્રકમાં પોતાની માંગણીઓ સામે ટિક માર્ક કરી મતદાન કર્યું હતું. એવી જ રીતે જીલ્લા પંચાયત અને જીલ્લા સેવાસદન ખાતે તેમજ તાલુકા પંચાયત અને તાલુકા સેવાસદન ખાતે પણ કર્મચારીઓ મતદાન કર્યું હતું,સમગ્ર જીલ્લામાં ૫૦૦૦ પાંચ હજારથી વધુ મતપત્રો અને ૧૨૫ જેટલી મતપેટીઓ તૈયાર કરવામાં આવી છે. ત્યારે શિક્ષકો સહિતના કર્મચારીઓ મહા મતદાન કર્યું હતું અને સાથે સાથે ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરી શટ ડાઉન,પેન ડાઉન,ચોક ડાઉન કર્યા હતા, વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી શિક્ષકોની ઓનલાઈન હાજરી, મધ્યાહ્નન ભોજનની ઓનલાઈન હાજરી તેમજ અન્ય કોઈપણ પ્રકારની ઓનલાઈન કામગીરીથી અળગા રહ્યા હતા. સમગ્ર દિવસ દરમ્યાન ચોકથી પણ અળગા રહી વિદ્યાર્થીઓને રમત ગમત અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ જ કરાવી હતી. સાંજે તમામ તાલુકાઓમાંથી મતપેટીઓ જિલ્લા મથકે લાવી અને જીલ્લા મથકે મતપત્રોની ગણતરી શરુ કરી હતી, જયારે સમગ્ર બાબતે રાજ્યકક્ષાએ રિપોર્ટિંગ કરવામાં આવશે આમ શિક્ષકો સહિતના તમામ કર્મચારીઓ હાલ પોતાની માંગણીઓ માટે લડી લેવાના મૂડમાં છે.

## જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ કમિટીનો ટ્રેનિંગ વર્કશોપ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડયાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા આયોજન કચેરી દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટટ ગોલ કમિટીનો ટ્રેનિંગ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં જિલ્લા કક્ષાએ જિલ્લાના વિવિધ વિભાગોના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને તાલીમ આપવામાં આવી હતી.

વર્કશોપમાં જિલ્લા કલેકટરએ કેપેસિટી બિલ્ડિંગ, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, નીતિ આયોગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલા વિકાસના વિવિધ માપદંડો, વિકસિત જામનગર ૨૦૪૭, વિકસિત ગુજરાત ૨૦૪૭ તેમજ અન્ય મુદ્દાઓ વિશે સમિતિના સદસ્યોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ જિલ્લામાં બાકી રહેતા વિકાસ કાર્યોને તાત્કાલિક ધોરણે પુર્ણ કરવા માટે સુચના આપી હતી. આ ટ્રેનિંગ વર્કશોપમાં વિવિધ કચેરીઓના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં શિક્ષિકા પત્નીની હત્યા કેસમાં આરોપી પતિને આજીવન કેદ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરની ભાગોળે મહાપ્રભુજી બેઠક નજીક ગત જુન-૨૦૨૧માં પત્નીની છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવવા અંગેના કેસમાં આરોપી પતિને અદાલતે તકસીરવાન ઠરાવીને આજીવન કેદની સજા અને દશ હજારના દંડનો હુકમ કર્યો છે. મળતી વિગત અનુસાર જામનગરમાં રહેતા મુળ બગસરાના વતની આરોપી પ્રફુલ્લ ભવાનભાઇ ડાભીના લગ્ન રતિલાલ વેલજીભાઇ ધારવીયાની પુત્રી નીતાબેન સાથે થયા હતા.જે લગ્ન જીવન દરમિયાન આરોપી અને મૃતક વચ્ચે અવાર નવાર ઝઘડા થતા હોવાથી મૃતક તેના પિતા સાથે રહેવા જતા રહયા હતા.મૃતક થાવરીયા વાડી વિસ્તારમાં પ્રાથમિક શાળામાં નોકરી કરતા હોય,જેથી ગત તા.૭/૬/૨૦૨૧ના સવારે નિતાબેન થાવરીયા શાળાએ જવા માટે મહાપ્રભુજી બેઠક પાસે રાહ જોઇને ઉભા હતા જે વેળાએ અન્ય શિક્ષિકા ઇજા પામનારા પણ હાજર હોય ત્યારે સાડા સાત વાગ્યાના સુમારે આરોપી પોતાની કાર લઇ ત્યાંઆવ્યા હતા અને નીચે ઉતરી નિતાબેનને છરી મારવા લાગતા વચ્ચે પડતા આરોપીએ ઇજા પામનારા અન્ય શિક્ષિકાને પણ છરી મારી હતી,ત્યારબાદ તેને ધકકો મારી દુર કરી નિતાબેનને છરીના ઘા ઝીંકી દેતા અન્ય બે શિક્ષિકા પણ આવી ગયા હતા.આરોપીએ તેની પત્નીના અન્ય વ્યકિત સાથે પ્રેમ સંબંધ બાબતે બોલાચાલી કરી નિતાબેનને છરીઓના ઘા ઝીંકી હત્યા નિપજાવી હતી.જે સમગ્ર મામલે મૃતકના પિતા રતિભાઇ ધારવીયાએ સીટી એ ડીવીઝનમાં ફરીયાદ નોધાવતા પોલીસે આઇપીસી ૩૦૨ અને ૩૨૪ મુજબ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ.જે કેસ સેશન્સ અદાલતમાં ચાલી જતા ફરીયાદી,ઇજાગ્રસ્ત સાહેદ અને નજરે જોનારા અન્ય સાહેદોની જુબાની,સરકારી વકિલ દિપકભાઇ આર. ત્રિવેદીની ધારદાર રજુઆતો થા અન્ય દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓને ધ્યાને લઇ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી આઇપીસી ૩૦૨ના ગુનામાં આજીવન સખત કેદ તથા દશ હજારનો દંડ અને દંડ ન ભરે. તો વધુ દશ દિવસની સજા પથા આઇપીસી કલમ ૩૨૪ના ગુનામાં છ માસની સજા તથા પાંચ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ પાચ દિવસની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

## મોરબીમાંનારી શકિત વંદના કાર્યક્રમમાં મહિલાઓને ૨૬ લાખથી વધુની સહાય અપાઈ

### મોરબીમાં જીલ્લા પ્રભારી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને નારી શક્તિ વંદના કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



સમગ્ર ગુજરાત રાજ્યમાં યોજાનાર નારી શક્તિ વંદના કાર્યક્રમ અંતર્ગત મોરબીમાં પંચાસર નજીક નારી શક્તિને વંદન કરવાના કાર્યક્રમનું મોરબી જીલ્લા પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું.

'વિકસિત ભારત વિકસિત ગુજરાત' અંતર્ગત સમગ્ર રાજ્યમાં જ્યારે નારી શક્તિ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે પાટણ ખાતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગરીમામય ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમની સમાંતર મોરબીમાં ટંકારા, વાંકાનેર તેમજ મોરબી ખાતે નારી શક્તિ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે શિક્ષણ રાજ્યમંત્રી તેમજ મોરબી જીલ્લા પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને મોરબીમાં નારી શક્તિ વંદના કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે મહિલાઓને સખી મંડળને લોન સહાય, સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન પ્રમાણપત્ર, વર્ક ઓર્ડર, એન.આર.એલ.એમ.યોજના હેઠળ સી.સી. લોન ક્ષિ સી.આઈ.એફ. ફંડ, વ્હાલી દીકરી યોજના સહિતની વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ. ૨૬,૯૩,૬૯૫ થી વધુની સહાય મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લામાં સખી મંડળ તેમજ વિવિધ ક્ષેત્રે આગવું સ્થાન મેળવેલી મહીલાઓએ નારી શક્તિ વંદના કાર્યક્રમ અંતર્ગત પ્રસંગોચિત રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમ અન્વયે વડાપ્રધાનની ગરીમામયી વર્ચુયલી ઉપસ્થિતિમાં યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ અને મુખ્યમંત્રીની ગરીમામયી ઉપસ્થિતિમાં રાજયકક્ષાનો કાર્યક્રમ પણ સૌ ઉપસ્થિતોએ વર્ચ્યુઅલી નિહાળ્યો હતો. નારી વંદના કાર્યક્રમમાં મોરબી પ્રાંત અધિકારી સુશીલ પરમાર, મોરબી મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન સંગીતાબેન, અગ્રણી સર્વ રણછોડભાઈ દલવાડી, નરેન્દ્રસિંહ ઝાલા, કે.એસ. અમૃતિયા, જેઠાભાઈ મિયાત્રા અને મહિલા અગ્રણીઓ તેમજ મોરબીની મહિલાઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## જુનિયર ડોક્ટર એસોસિએશન દ્વારા રેસિડેન્ટ ડોકટર્સના સ્પાઈપેન્ડમાં વધારો કરવાની માંગઃ ડીંનને આવેદનપત્ર આપ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જુનિયર ડોક્ટર એસોસિએશન દ્વારા રેસિડેન્ટ ડોક્ટટર્સના સ્પાઇપેન્ડમાં વધારો કરવાની માંગને લઈને એમ પી શાહ સરકારી મેડિકલ કોલેજના ડીંનને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે આરોગ્ય અને પરિવારનો વિભાગ દ્વારા કરવામાં આવેલા પરિપત્ર મુજબ ત્રણ વર્ષે રેસીડન્ટ ડોક્ટરનું નિયત કરેલ જોગવાઈ અનુસાર એટલે કે ઓછામાં ઓછું ૪૦% સ્ટાઈપેન્ડમેક વધારવામાં આવે.૨૦૨૧ બાદ ૨૦૨૪ માં સ્પાઇપેન્ડમાં નિયત કરેલ જોગવાઈ અનુસાર વધારવામાં આવે નથી અને રજૂઆતમાં જણાવ્યું હતુ જામનગર સહિત ગુજરાતની તમામ મેડિકલ કોલેજના જુનિયર ડોક્ટર આ બાબતમાં સરકારનું ધ્યાન દોરેલ હતું. લોકશાહીમાં સરકાર ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી રેસિડન્ટ તેમની વ્યાજબી સ્પાઇપેન્ડ વધારાની માગણી સંતોષવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી જુનિયર ડોક્ટર એસોસિયેશન જામનગરના પ્રમુખ ડો.કિશોર દેથરીયા, ઉપપ્રમુખ ડો. કૃષ્ણ પટેલ, ડો.ઉર્વીક પોકીય સહિતના ડોકટરો જોડાયા હતા

## મોરબીના નાની બજાર પોસ્ટ ઓફિસની બાજુમાં ઉભરાઈ રહેલી ગટરના પાણીથી રહીશો ત્રાહીમામ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીની પોસ્ટ ઓફિસની બાજુમાં નાની બજાર મેઈન રોડ પર છેલ્લા બે મહિનાથી ભુગર્ભ ગટના પાણી ઉભરાઈ રહ્યા છે. જેને લઈને આસપાસના રહીશો ત્રાસી ગયા છે.

નાની બજાર મેઈન રોડ પર છેલ્લા બે મહિનાથી ઉભરાઈ રહેલા ગટરના પાણી બાબતે નગરપાલિકામાં ૧૫ ફેબ્રુઆરી અને ૨૯ ફેબ્રુઆરીના રોજ રહીશો દ્વારા અરજી પણ આપવામાં આવી છે. આમ છતાં નગરપાલિકા દ્વારા કોઈ જ પગલાં ભરવામાં આવ્યા નથી. રહીશોના જણાવ્યા પ્રમાણે આજ દિન સુધી સફાઈ કરવા માટે કોઈ આવ્યું નથી જેના કારણે સ્થાનિક રહીશો આ સમસ્યા ભોગવી રહ્યા છે

# રાજકોટ શહેરને પૂરું પાડતા જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થોઃમ્યુ.કમિશનર

## મનપાના શાસકો શહેરીજનોને હથેળીમાં ચાંદ દેખાડી રહ્યાં છેઃભાનુબેન સોરાણીઃ આજે મનપાના જનરલ બોર્ડમાં પાણીના પ્રશ્નની ચર્ચામાં જ સમય પૂરો કરાયો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સામાન્યસભા મળી હતી. લોક્સભાની ચૂંટણી યોજાઈ તે પુર્વે આચારસંહિતા લાગુ કરવામાં આવે તે પહેલા આ અંતિમબેઠક હતી. જેમાં રાજકોટમાં પાણી વ્યવસ્થા બાબતે કમિશનરે વિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણીના પ્રશ્નોનો જવાબ આપ્યો હતો. કમિશનરે જણાવ્યું હતુંકે રાજકોટ શહેરને પાણી પૂરું પાડતા તમામ જળાશયોમાં હાલ જુન અને જુલાઈ સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જેથી પાણીકાપ નાખવાની કોઈ શક્યતા જ નથી. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં મનપા દવારા ક્યારેય પાણીકાપ વધુ સમય માટે નાખવામાં આવ્યો નથી. અને ભવિષ્યમાં પણ નાખવામાં આવશે નહીં.

આજે ચૂંટણી પહેલા મનપાનું અંતિમ બોર્ડ મળ્યું હતું. જેમાં કોંગ્રેસના નગરસેવિકા ભાનુબેન સોરાણી દવારા પાણી વિતરણ બાબતે પૂછાયેલા પ્રશ્નોમાં જ એક કલાકનો સમય પૂર્ણ થઈ ગયો હતો. મનપા કમિશનરે જણાવ્યું હતું કે રાજકોટ શહેરનું પાણી પૂરું પાડતા મુખ્યજળાશય આજીમાં હાલ ૨૫.૨૮ ફૂટ પાણી છે. જયારે ન્યારીમાં ૧૯.૧૯ પાણી છે. ભાદરમાં પણ પાણીનો જથ્થો ૩૧ જુલાઈ સુધી ચાલે તેટલો છે. વધુમાં શહેરમાં જેટલો દૈનિક ઉપાડ પાણીનો છે. તે મુજબ ૧૩૫ એમએલડી પાણી દરરોજ નર્મદામાંથી મળી રહ્યું છે. જેથી ઉનાળામાં પણ પાણી વિતરણ ખોરવાશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે ક્યારેક ટેકનીકલ બાબતો સંદર્ભે પાણીકાપ મૂકાયો હોય પરંતુ તે એક કે બે દિવસ પૂરતો જ હોય છે. કોંગ્રેસના નગરસેવિકાએ ભાનુબેન સોરાણીએ વાંધો ઉઠાવતા જણાવ્યું કે, મનપાના શાસકો દવારા શહેરીજનોને હથેળીમાં ચાંદ દેખાડવાનો પ્રયત્નો કરાયો છે. શહેરના નવાભળેલા વિસ્તારમાં પાણીનો પ્રશ્ન ઉકેલાયો નથી. સામાન્યસભા સમક્ષ કુલ ૮ દરખાસ્ત મૂકાઈ હતી. જેને મંજૂર કરવામાં આવી હતી. આજે મળેલી સામાન્યસભામાં નગરસેવકો, મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વશરામ સાગઠીયા તથા કોમલબેન ભારાઈને સામાન્ય સભામાં જતા અટકાવતાં બબાલ

## મનપા સેક્રેટરી વિરૂધ્ધ કન્ટેમ્પટ ઓફ કોર્ટની ફરિયાદ દાખલ કરાશેઃ વશરામ સાગઠીયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં કોંગ્રેસપક્ષમાંથી ચુંટાયેલા ચાર પૈકી બે કોર્પોરેટરોને પક્ષાંતરધારા હેઠળ ગેરલાયક ઠેરવ્યા બાદ કોર્ટે બન્નેને ફરીસભ્યપદ પર કાયમી રહેવાનો હુકમ કર્યો હતો જેના કારણે આજના જનરલ બોર્ડમાં બન્ને કોર્પોરેટરોએ પ્રવેશ કરતા તેમને અટકાવવામાં આવતા સિક્યોરીટી સાથે બબાલ થઈ હતી અને આ મુદ્દે કોર્પોરેટર વશરામભાઈ સાગઠિયાએ કોર્ટના હુકમનો અનાદર કરવા બદલ સેક્રેટરી વિરૂદ્ધ કન્ટેમ્ટ ઓફ કોર્ટની ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાં પ્રશ્નોતરી દરમિયાન કોંગ્રેસના બે કોર્પોરેટરોને પ્રશ્નો પુછવા દેવામાં આવેલ પરંતુ તાજેતરમાં ગેરલાયકમાંથી લાયક ઠરેલા કોંગી કોર્પોરેટર વશરામભાઈ સાગઠિયા અને કોમલબેન ભારાઈને પ્રશ્નતરી કરતા રોકવામાં આવેલ તેમજ જનરલ બોર્ડમાં પ્રવેશ નહીં મળે તેમ સેક્રેટરી વિભાગમાંથી જણાવવામાં આવેલ. છતાં વશરામભાઈ સાગઠિયાએ કોર્ટના હુકમના આધારીત બોર્ડમાં પ્રવેશ તો મેળવશુ જ તેવી ચેલેન્જ ફેંકી હતી અને આજરોજ જનરલબોર્ડના સમયે કોર્ટના પરિપત્ર સાથે મનપાની કચેરી હાજર થતાં તેઓને તેમજ કોમલબેન ભારાઈને બોર્ડમાં પ્રવેશતા અટકાવવામાં આવેલ ત્યારે વશરામભાઈએ કોર્ટનો હુકમ સેક્રેટરીને બતાવી છતાં સેક્રેટરીએ અમને પરીપત્ર મળ્યો નથી તેવું બહાનું આગળ ધરી તેમને પ્રવેશ નહીં મળે તેવો આદેશ આપતા મામલો બિચક્યો હતો છતાં વશરામભાઈ અને કોમલબેન ભારાઈએ પોલીસની માથાકુટથી બચવા ત્યાંથી ચાલતી પકડી હતી પરંતુ જતી વખતે તેમણે જણાવેલ કે, કોર્ટ દ્વારા અમને માન્યતા આપવામાં આવી છે. એન કોર્ટનો ઓર્ડર પણ સાથે લઈને આવ્યો છું. છતાં સેક્રેટરી દદ્વાર કોર્ટનો ઓર્ડર જોયા વગર ફક્ત રાજકીય દાવપેચ ખેલી અમને જનરલ બોર્ડમાં જતાં અટકાવવામાં આવ્યા છે. આથી હવે અમે હવે સેક્રેટરી વિરુદ્ધ કન્ટેમ્ટ ઓફ કોર્ટની ફરિયાદ કરશું તેમ જણાવ્યું હતું.

# નાના મવા સર્કલ પાસેના પ્લોટનો સોદો રદ કરતી મનપાની સ્ટે.કમિટી

## સ્ટે.કમિટીની બેઠકમાં ૨૬૨ કરોડના નવા વિકાસ કામોને મંજૂરી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ મનપાની સ્ટે.કમિટી દવારા નાના મવા સર્કલ પાસે રૂ.૧૧૮ કરોડમાં વેંચાયેલા પ્લોટનો સોદો રદ કરી અને બિડર દવારા ભરેલ તમામ રકમ ફોરફીટ કરવાનું તેમજ આગળની કાર્યવાહી કરવા કમિશનરને અધિકૃત કરવાનું સામાન્યસભાની બહાલીથી મંજૂર કરાયું છે આજે સ્ટે.કમિટીની બેઠકમાં કુલ ૨૬૩ કરોડના નવા વિકાસ કામોને લીલીઝંડી અપાઈ હતી

લોકસભાની ચૂંટણીની આચાર સંહિતા લાગે તે પૂર્વે મળેલી બેઠકમાં અનેક કામોને મંજૂરી અપાઈ હતી ખાસ કરીને વિવાદાસ્પદ પ્લોટનો સોદો રદ કરાયો હતો તેમજ હોસ્પિટલ ચોકમાં થ્રી આર્મ ફ્લાય ઓવર બ્રિજ બનાવવાના કામ માટે ૬૯.૨૩ કરોડનું એસ્ટીમેન્ટ મંજૂર કરવામાં આવે પરંતુ એજન્સી દવારા કાચા માલની કિંમત તેમજ અન્ય ચીજ વસ્તુમાં ભાવ વધતા ૧૦૯.૬૭ કરોડનો અંદાજીત ખર્ચ સ્ટે.કમિટી દવારા મંજૂર કરવામાં આવેલ. આજે મળેલી સ્ટે.બેઠકમાં રસ્તાના કામ માટે ૧૧.૩૨ કરોડ ડીઆઈ પાઈપ લાઈન માટે ૧૩૧ કરોડ બ્રીજ બનાવવા માટે ૭૮.૫૨ કરોડ ખર્ચાસે જયારે મનપાને પેએન્ડ પાર્કિંગ માટે ૧.૩૪ કરોડની આવક થશે જયારે અન્ય આવક થઈ કુલ ૨.૬૩ કરોડ મળશે.

# રાજકમલ ફાટક પાસે ઈંડાની લારીએ નાસ્તો કરવા ગયેલાં યુવાનની ઘાતકી હત્યા

## કેટરર્સનું કામ કરતા ત્રણ બહેનના એકના એક ભાઈનું મોત થતા પરિવારમાં કરૂણ કલ્પાંતઃ હત્યારો પોલીસના સંકજામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ રાજકમલ ફાટક નજીક ઈંડાની લારીએ નાસ્તો કરવા ગયેલા યુવકને છરીના ધા ઝીંકી હત્યા કરી શખસ નાસી જતા ક્રાઈમ બ્રાંચ, ભક્તિનગર સહીતનો સ્ટાફ પહોંચી તપાસ કરતા મૃતક યુવક કેટરસનુ કામ કરતો હોવાનુ અને ત્રણ બહેનામાં એકના એક ભાઈ હોવાનુ બહાર આવતા પોલીસે હત્યામાં આરોપીને સકંજામા લઈ વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ પર રિધ્ધી સિધ્ધી પાર્કમાં રહેતા સંજયભાઈ મોહનભાઈ મોરડીયા (ઉ.૩૫) બુધવારે રાત્રીના તેના ઘર નજીક રાજકમલ રેલ્વે ફાટક પાસે ઈંડાની લારીએ હતો ત્યારે અજાણ્યા શખસે ઝગડો કરી છરીના ધા ઝીંકી નાસી જતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજતા ભક્તિનગર પોલીસ મથકના પી.આઈ. ગીલવા સહીતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમીક તપાસમાં મૃતક સંજય કેટરસનુ કામ કરતો હોવાનુ અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ તેમજ તે ત્રણ બહેનોમાં એકના એક ભાઈ હોવાનુ પરીવારે જણાવતા પોલીસે તપાસ કરી હત્યા સહીતનો ગુનો નોંધવાની તેમજ આરોપીને સકંજામા લઈ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# શહેર પોલીસમાં ૨૭૮ જવાનોની અરસપરસ બદલી કરાઈ

## ક્રાઈમ બ્રાન્ચ એસઓજી સહિતની મહત્વની બ્રાંચોમાં નવા ચહેરાઓને મુકાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ કમિશનરે એક જ સ્થળે ત્રણ વર્ષથી ફરજ બજાવતા એએસઆઈ થી લઈ કોન્સ્ટેબલ સુધીના ૨૭૮ જવાનો ની સાગમટે બદલી કરી છે તેમાં ક્રાઈમ બ્રાન્ચ એસઓજી સહિતની મહત્વની બ્રાન્ચોનો પણ સમાવેશ થાય છે.

ગત મોડી રાતે શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ અને લોકરક્ષકની બદલીનો મોટો લીથો બહાર પાડી તાત્કાલીક નિમણુંક થયેલ ફરજના સ્થળે હાજર થવાનું ફરમાન કરેલ હતું. મોડી રાતે થયેલ એકાએક બદલીના રાઉન્ડથી પોલીસ કર્મીઓમાં દોડધામ સાથે ઉત્સુકતા જાગી હતી. તેમજ ક્રાઈમ બ્રાંચમાં થોડા સમય પહેલા જ નવનિયુક્ત પીઆઈ એમ.આર. ગોંડલીયાની નિમણુંક થયા બાદ પંદરથી વધુ પોલીસમેનોને ક્રાઈમ બ્રાંચમાં નિમણુંક આપવામાં આવી છે. જેમાં ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાએ અગાઉ ફરજમાં હતા તે પોલીસ મથકમાંથી એએસઆઈ જે.ડી. વાઘેલા, પ્રવિણ વાસાણીને ક્રાઈમ બ્રાંચમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત થોરાળામાં ફરજ બજાવતા

એએસઆઈ આર.બી. જાડેજા, માલવીયાનગર પોલીસમાં ફરજ બજાવતા હે.કો. કે.જી. ઝાલા, તેમજ ઉમેશભાઈ આહિર, જનકભાઈ, હરદેવસિંહ રાણા સહિતના ૧૫થી વધુનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે.

ઉપરાંત એસઓજીમાંથી પણ બે પોલીસમેનની બદલી કરવામાં આવી છે. તેમજ પ્ર.નગર પોલીસ મથકમાંથી ૧૮ તેમજ ગાંધીગ્રામ પોલીસ મથકમાંથી ૧૯ સહિતના પોલીસમેનોને અલગ અલગ પોલીસ મથકમાં થવાનું ફરમાન પોલીસ કમિશ્નરે બહાર રાજકોટ શહેર પોલીસ પાડયું છે.

# સેરેનિટી ગાર્ડન બનાવનાર ડેવલોપર્સ સામે ગંભીર આક્ષેપો

## બિલ્ડરોએ આખુ કલબ હાઉસ કબ્જે કર્યુંઃ સોસાયટીના હોદેદારોને ધમકાવતાં કલેકટરને અપાયુ આવેદન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગૌરવપથ કાલાવડ રોડ પર કોસ્મોપ્લેક્ષ સિનેમાની પાછળ આવેલ સેરેનિટી ગાર્ડન ઓનર્સ એસોસીએશનના ૧૮૦ પરિવારોએ આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં સેરેનિટી ગાર્ડન સોસાયટી બનાવનાર શુભજીવન ડેવલોપર્સ એલ.એલ.પી.ના ભાગીદારો યોગેશકુમાર પ્રવિણભાઈ ગરાળા, પ્રિયાંક રમેશભાઈ પાચાણી, જવાહર રામજીભાઈ મોરી, તુલેશકુમાર લીલાધરભાઈ સરોડિયા, ભુપેશ જીવણભાઈ ગોવાણી, ગીરીશ જીવણભાઈ ગોવાણી, ભૈરવીબેન જનીસભાઈ અજમેરા, કેલ્વીનકુમાર અમૃતલાલ માકડીયા, શિલ્પાબેન જયંતીલાલ સાપરીયા, વિઠ્ઠલદાસ હંસરાજભાઈ ભાલોડિયા અને દિલીપકુમાર વિઠ્ઠલદાસ ગોવાણી સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

સોસાયટી ધારકોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, શુભજીવન ડેવલોપર્સ દ્વારા સેરેનિટી ગાર્ડન ઓનર્સમાં કુલ ૮ વિંગમાં ૨૩૦ ફ્લેટ બનાવવામાં આવ્યા છે. જેમાં વિંગ વાઈઝ અલગ અલગ એ-ઓ-સી બિલ્ડર પ્રમોટર દ્વારા બનાવી આપેલ છે. બાદમાં કોમન મેન્ટેનન્સ માટેનું એક રજીસ્ટર એઓપી બનેલી જે સમગ્ર સોસાયટીનું સંચાલન કરે છે.

પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો ત્યારે સોસાયટીમાં કોમન એમિનિટી માટે ૧૪૦૦ વાર જગ્યા રાખેલ જેમાં કલબ હાઉસ, જીમ, ગેમઝોન, હોલ, થિયેટર, સોસાયટીની ઓફિસ, કોમન ગાર્ડન, ટેનીસ કોર્ટ, વોલીબોલ કોર્ટ, માટેની સુવિધા આપવાના બ્રોસર છપાવ્યા હતાં અને 'રેરા'માં આ પ્રોજેકટની નોંધણી પણ કરાવી હતી.

બાદમાં પ્રોજેક્ટ પુરો થતા સુધીમાં આ વિસ્તારમાં ટીપી અમલમાં આવતાં શુભજીવન ડેવલોપર્સના ભાગીદારો અને બિલ્ડરો દ્વારા સોસાયટીનાં કોમન એમિનિટી માટેનો ૧૪૦૦ વારનો પ્લોટ ટી.પી.માં કપાતમાં આપી દઈ તેના બદલામાં ટી.પી.પાસેથી અન્ય સ્થળે સોનાની લગડી જેવો પ્લોટ મેળવી લીધો હતો. આ અંગેની સોસાયટીનાં રહેવાસીઓને જાણ થતાં બિલ્ડરો અને ભાગીદારો પર દબાણ વધારતાં ટેમ્પરરી વિવાદ ટાળવા પ્રોજેક્ટને લાગુ ૪૫૬ વારનો પ્રાઈવેટ પ્લોટ બિલ્ડરોએ અને ભાગીદારોએ ખરીદ કરી લીધો હતો.

# રાજકોટ આરટીઓમાં ટુ વ્હીલર માટે નવી સીરીઝ NL અને કાર માટે NKનું ઓકશાન થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ RTO દ્વારા ટુ-વ્હીલર માટે GJ-03-NL અને કાર માટે GJ -03-NK સિરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરો તથા અગાઉની સિરીઝના બાકી રહેતા ગોલ્ડન, સિલ્વર નંબરો માટે ઓક્શન શરૂ કરવામાં આવશે, જેમાં ભાગ લેવા ઇચ્છતા વાહન માલિકોએ parivahan.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

જેમાં ગક સિરીઝના ગોલ્ડન, સિલ્વર નંબરો મેળવવા માટે તા.૮થી સાંજે ૪ થી તા.૧૪ના સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા.૧૪ સાંજે ૪ થી તા.૧૬ સુધી સાંજના ૪ વાગ્યા સુધી ઓનલાઈન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે. બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયે તા.૧૬ના સાંજે ૪:૧૫ વાગ્યે પરિણામ ઓનલાઈન જાહેર થશે.

તેવી રીતે NK સિરીઝના ગોલ્ડન, સિલ્વર નંબરો મેળવવા માટે તા.૮થી ૧૨ના સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઈન એપ્લિકેશન કરી તા.૧૪ સુધી ઓનલાઈન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે. બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયે તા.૧૪ના સાંજે ૪:૧૫ વાગ્યે પરિણામ ઓનલાઈન જાહેર થશે. અરજદારોએ ભાગ લેવા વેબસાઈટ પર ઓનલાઇન સર્વિસ, fancy num- ber booking પર જઈ, યુઝર આઇ ડી, પાસવર્ડ તૈયાર કરી હરાજીની પ્રક્રિયામાં ભાગ લઇ ચુકવણું કરી અને વાહન નંબર મેળવી હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે.

# મોરબીમાં નશાયુક્ત પદાર્થો વેચતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા એસપીને લેખિત રજૂઆત કરતા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં નશીલા પદાર્થોનું અમુક તત્વો દ્વારા બેફામ વેપાર થઈ રહ્યો હોય જેમાં યુવાધન નાશ થઈ રહ્યું છે. ત્યારે આવા કાળો કારોબાર કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા જીલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત કરવામાં આવી છે.

લેખિત રજુઆતમાં જણાવાયુ છે કે મોરબી શહેર અને જીલ્લામાં બેરોકટોક નસીલા પદાર્થો જેવા કે દારૂ, કેમીકલયુક્ત કફ સીરપ જેવા નશાકારક જથ્થો મોરબીમાં ઉતારેલા અને લોકો પકડાયેલા તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે. આવા નશાકારક પદાર્થો મોરબી શહેર અને જીલ્લાની અંદર કોઈની મીઠી નજરથી આવતા હોય તેવું લાગી રહયુ છે.

આવા નશાકારક પદાર્થોના કારણે સંસ્કારી નગરી મોરબી શહેરમાં યુવાધનને બરબાદ કરવાનું કોઈ ષડયંત્ર કરતુ હોય તેવું લાગી રહયુ છે. ત્યારે મોરબી પોલીસ વિભાગે કોઈપણ ચમરબંધી હોય કે કોઈ રાજકીય ઓથ હેઠળના હોય તો પણ તેમની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. જેથી કરીને ફરી વખત મોરબી શહેર કે જીલ્લાની અંદર આવા નશાકારક પદાર્થો લાવવાની કોઈ હિંમત ન કરે તેવી પોલીસ ખાતા દ્વારા કાર્યવાહી થવી જોઈએ. તેમ મોરબી જીલ્લા કોંગ્રેસ અને મારેબી શહેરની પ્રજા આપની પાસે માંગણી કરી રહી છે.

# રાજુલામાં પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

## કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ભાજપમાં જોડાયા



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલાઃ** રાજુલા શહેરમાં આવેલ માર્કેટિંગ યાર્ડ સામે વિજય ચોક ખાતે આજે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી અને મોટી સંખ્યામા કોગ્રેસ આગેવાનો કાર્યકર્તાઓ ભાજપમા જોડાયા હતા ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર કોંગ્રેસ પાર્ટી છોડીને ભાજપ સાથે જોડાયા છે ત્યારે અંબરીશ ડેરના સમર્થકોએ આજે યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભાજપ સાથે જોડાયા હતા તેમજ સી આર પાટીલે આજે ફરીવાર બસ અને રૂમાલને યાદ કરી જણાવ્યું કે મે તો પહેલા જ અમરીશ ડેર માટે રૂમાલ રાખી મૂક્યો હતો ૨૦૨૨ માં રૂમાલ ત્યાં જ પડી રહ્યો અને અડફેટે ચડી ગયા હતા તો આપડે શું કહેવાય ઘરનો ભુલ્યો સાંજે પાછો આવે તો તેને ભુલ્યો ન કહેવાય સાથે જણાવ્યું હતું કે આખા ગુજરાતમાં કોઈને જાહેરમાં આમંત્રણ આપ્યું હોય તો તે માત્ર અમરીશ ડેર જ છે આમ આજના યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો વડીલો અને કાર્યકરો જોડાયા હતા અને રાજુલા પોલીસ દ્વારા પણ ચુસ્તપણે બંદોબસ્ત ગોઠવવામા આવ્યો હતો

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# જનાના હોસ્પિટલમાં નર્સિંગ વિભાગમાં મહિલાઓ સાથે અણછાજતું વર્તન...!

## નર્સિંગ સ્ટાફના ત્રણ શખ્સો સામે ભાજપ આગેવાને આપી સિવિલના તબીબી અધિક્ષકને લેખીતમાં ફરિયાદ










**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની મધ્યમાં આવેલી સિવિલ હોસ્ટિલની બાજુમાં હાલમાં જ નવનિર્મીત જનાના હોસ્પિટલ કરોડોના ખર્ચે બનાવવામાં આવી હોય અને દર્દીઓની સુવિધા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દવાર આ જનાના હોસ્પિટલનું લોકાર્પણ કરી લોકો માટે ખુલ્લી મૂક્વામાં આવી છે ત્યારે આ જનાના હોસ્પિટલમાં કેટલાક કર્મચારીઓ દવારા નર્સિંગ વિભાગમાં મહિલાઓ સાથે અણછાડતું વર્તન કરવામાં આવતું હોય અને મહિલા દર્દીઓ સાથે ગેરવર્તન કરવામાં આવતું હોય તેવા આક્ષેપો થઈ રહ્યા છે.

રાજકોટ ભાજપમાં હોદો ધરાવતા ભાજપના એક નેતાએ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.આર.એસ.ત્રિવેદીને લેખિતમાં ફરિયાદ કરી છે કે, આપના તાબા હેઠળના સિવિલ હોસ્પિટલના જનાના હોસ્પિટલની નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવતા ત્રણ પુરુષ કર્મચારીઓ સમયસર ફરજ પર આવતા ન હોય નીષ્કાળજી અને બેદરકારી દાખવતા હોય આ ત્રણેય કર્મચારીઓ પોતે લાગવગ સાહી ધરાવતા હોય જેથી બીજા નર્સિંગ સ્ટાફે સાથે ગેરવર્તન કરી પોતાની ધાક ઉભી કરતા હય અને મહિલા દર્દીઓ સાથે પણ ગેરવર્તન કરી ઉધતાઈ ભર્યું વર્તન કરી જનાના હોસ્પિટલમાં પોતાની મનમાની કરી રહ્યા હોય જેથી નર્સિંગ વિભાગમાં ફરજ બજાવતી અન્ય મહિલા સ્ટાફ આ શખ્સોથી ડરી ગયા હોય જેથી તેના વિરુધ્ધ કોઈ ફરિયાદ કરતું ન હોય જેથી ભાજપના આગેવાને લેખિતમાં ફરિયાદ આપી આ ત્રણેય શખ્સોને અન્ય વિભાગમાં બદલી કરી નાખવા જણાવવામાં આવ્યું છે. આ બાબતે તબીબ અધિક્ષક ડો.આર.એસ. ત્રિવેદીનો ટેલિફોનિક સપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે જનાના હોસ્પિટલના એચ.ઓ.ડી.નો અભિપ્રાય માંગવામાં આવ્યો છે. અને અભિપ્રાય બાદ આ ત્રણેય શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમજ જણાવાયું છે.

# નંદનવન સોસાયટીમાં દંપતિના આપઘાતના પ્રયાસમાં પતિ બાદ પત્નીનું સારવારમાં મોત

### અમે બીજી જીંદગી જીવવા જઈ રહ્યા છીએ તેમ સ્યુસાઈટ નોટમાં લખી દંપતિએ એસિડ પી લેતા સારવારમાં ખસેડ્યા હતા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડીની નંદનવન સોસાયટીમાં રહેતા વૃદ્ધ દંપતિએ ઘરે સજોડે એસીડ પી લેતા બંનેને હોસ્પીટલમાં ખસેડાયા હતા. અહીં પતિનું મોત નીપજતા તાલુકા પોલીસે તપાસ કરતા સ્યુસાઇડ નોટ મળી હતી.જેમાં હવે અમે નવી જિંદગી જીવવા માંગીએ છીએ તેવું લખ્યું હોય પોલીસે કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.ગઈકાલે સારવાર દરમિયાન પત્નીનું પણ મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ મવડી ગામમાં બાપાસીતારામ ચોક પાસે આવેલ નંદનવન સોસાયટીમાં રહેતા નરશીભાઈ ચનાભાઈ વડાલિયા(ઉ.૭૦) અને તેના પત્ની લીલાબેન નરશીભાઈ વડાલીયા(ઉ.૬૦) નામના વૃદ્ધ દંપતિએ ઘરે એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતા બંનેને સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.સારવાર દરમિયાન વૃદ્ધ નરશીભાઈનું મોત નીપજ્યું હતું. આ દરમિયાન બનાવની જાણ થતા તાલુકા પોલીસ મથકના જમાદાર પ્રવીણભાઈ જીલરીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી.જેમાં અમે આ જિંદગીથી કંટાળી ગયા છીએ હવે નવી જિંદગી જીવવા માંગીએ છીએ તેવો ઉલ્લેખ કર્યો હતો.આ બનાવમાં પતિ બાદ પત્નીએ પણ સારવાર દરમિયાન દમ તોડી દેતા અરેરાટી મચી ગઇ છે. પોલીસે બનાવ સમયે સ્યૂસાઈડ નોટ કબજે લઇ વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક ત્રણ ભાઈ અને ત્રણ બહેન હોવાનું અને સંતાનમાં બે પુત્રી અને એક પૂત્ર હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે પૂત્ર સંજયભાઈ કારખાને ગયા હતા અને પુત્રવધુ કુટુંબમાં એક લગ્નપ્રસંગ હતો. તેમાં હાજરી આપવા ગયા હતા ત્યારે દંપતિ ઘરે એકલું હોય ત્યારે આ પગલું ભરી લીધું હતું.

# જૂનાગઢના હોસ્ટેલમાં વિદ્યાર્થીનીનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

### માંગરોળની યુવતી હોસ્ટેલમાં રહી ટીવાય બીએસસીનો અભ્યાસ કરતી’તીઃ સ્યુસાઈટ નોટમાં જીંદગીથી કંટાળી પગલુ ભર્યાનો ઉલ્લેખ



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**


માંગરોળના એક પરિવારની ૧૮ વર્ષની દીકરી જૂનાગઢમાં એક હોસ્ટેલમાં રહીને અહી ટીવાયબીએસસી નો અભ્યાસ કરતી હતી, પરંતુ ગઈકાલે સવારે અચાનક કોઈપણ કારણોસર તેણીએ હોસ્ટેલના પોર્ચમાં પંખા સાથે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર જામી છે, આત્મહત્યા પહેલા તેણીએ લખેલી સ્યુસાઈટ નોટ મળી આવી છે.

આ અંગેની માહિતી મુજબ માંગરોળમાં ગાયત્રીનગરમાં રહેતા ભાવેશભાઈ રવજીભાઈ કોટડીયા ઉ.૪૭ ની દીકરી હેત્વી ઉ.૧૮ જૂનાગઢમાં ચોબારી ગામમાં આવેલી સીસીએસઆઈટી કોલેજ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને ટીવાયબીએસસી માં અભ્યાસ કરતી હતી, પરંતુ ગઈકાલે સવારે ૫.૩૦ કલાકે હોમ લેન્ડ સાય સી હોસ્ટેલના રેકટર હંસાબેન હરીલાલ કણસાગરા ઉઠીને હોસ્ટેલના પોર્ચમાં ગેસ ગીઝર ચાલુ કરવા ગયેલ સાથે હેતવીએ ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી.તુરંત તેમણે મેનેજમેન્ટ અને મેનેજરને જાણ કરીને હેતવીના પરિવાર અને પોલીસને બોલાવ્યા હતા, પોલીસે તપાસ કરતા હેતવીએ લખેલી એકપાનાની સ્યુસાઈટ નોટ મળી આવી હતી, જેમાં હેતવીએ એવું લખ્યું હતું કે, મારું આ પગલું ભરવા પાછળ કોઈ નથી. મારી મરજીથી મેં આવું કર્યુ છે. કંટાળી ગઈ છુ મારી જિંદગીથી, મને મારાથી એટલે હું આવું કર્યુ છુ. આવું લખાણ મળતાતાલુકા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# વોર્ડ નં.૧૫ની આરાધના સોસાયટીમાં આર.સી.સી. રોડનું કામ શરૂ

### મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણી અને કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણીની સંયુક્ત ગ્રાંટમાંથી ખર્ચ કરી કામ શરૂ કરાયું





**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે થોરાળા વિસ્તારમાં સાસક પક્ષ દવારા ઓરમાયુ વર્તન કરાયું હોય તેમ માત્ર કાગળ પર જ વિકાસની મોટીમોટી વાતો જોવા મળી રહી હોય ત્યારે સામાકાંઠે વોર્ડ નં.૧૫માં આવેલ આરાધના સોસાયટી શેરી નં.૪માં આર.સી.સી. રોડ બનાવવા અંગે કોંગ્રેસના કાર્યકર અરવિંદભાઈ મુછડિયાએ મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ભાનુબેન સોરાણી અને વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણીને ભલામણ કરતા તેઓએ પોતાની સંયુક્ત ગ્રાંટમાંથી નાણા ફાળવી આરાધના સોસાયટી શેરી નં.૪માં આર.સી. સી.રોડ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

# ગોંડલના ઉમવાડા રોડ પર પોલીસમેનનો ભોગ લેનાર ટ્રેક્ટર ચાલક ઝડપાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાહનચાલકે બાઈક પર જઈ રહેલા પોલીસમેન ને હડફેટે લેતા તેનું ગંભીર ઈજાને કારણે મોત થયાની ઘટનામાં અકસ્માત સર્જનાર ટ્રેક્ટર ચાલક ને પોલીસે ગણતરીની કલાકોમાં જડપી લઇ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ સોમવાર મોડીરાતે ઉમવાડા રોડ સુવર્ણભુમી રેસિડેન્સી પાસે બાઈક પર ગોંડલ આવી રહેલા શાપર વેરાવળ પોલીસ સ્ટેશન માં ફરજ બજાવતા વિનોદભાઈ હકુભાઈ લાલકીયા ને અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા સર્જાયેલા અકસ્માત માં વિનોદભાઈનું કરુણમોત નિપજ્યું હતું. અકસ્માત ની ઘટનાનાં પગલે બી ડિવિઝન પોલીસે તપાસ નાં ચક્રો ગતિમાન કરી અકસ્માત સર્જી નાશી છુટેલા અનિડા ભાલોડી રહેતા મયુરભાઈ દેવજીભાઈ ચાવડા ને જડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રો અનુસાર મયુરભાઈ ચાવડા ટ્રેક્ટર માં ડુંગળી ભરી માર્કેટ યાર્ડ માં ઠલવી પરત જઈ રહ્યો હતો. ત્યારે અકસ્માત સર્જાયો હતો.બાદમાં ડરી ગયેલો ચાલક નાશી છુટ્યો હતો.

# એકદંત શરાફી સહકારી મંડળીના સંચાલકોએ કરી રૂા.૪ લાખની ઠગાઈ

### કાલાવડ રોડ પર કોલેજવાડીના યુવાન અને તેના પરિવારના સભ્યોને ઉંચુ વળતર આપવાની લાલચ આપી છેતરપિંડી કરાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સદગુરુ તીર્થધામ એપાર્ટમેન્ટમાં આવેલી એકદંત શરાફી સહકારી મંડળીના સંચાલકોએ લાભ લાલચ આપી મંડળીમાં રોકાણ કરાવી ઉંચુ વર્તળ આપવાની લાલચ આપી રૂપિયા ચાર લાખની સભ્યો સાથે છેતરપિંડી કર્યાની ફરિયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર ન્યુ કોલેજ વાડીમાં રહેતા તુષારભાઈ કિશોરભાઈ મોદીએ ગાંધીગ્રામ પોલીસમાં સદગુરુ તીર્થધામના બીજા માળે આવેલી એકદંત શરાફી સહકારી મંડળીના માલીક નીલેશ જોષી તેનો ભાઈ મનિષ જોષી વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ સંચાલકોએ યુવાન અને તેના પરિવારના સભ્યોને દૈનિક બચત ખાતામાં રોંકાણ કરાવી છ ટકા જેટલુ ઉંચુ વ્યાજ આપવાની લાલચ આપી રૂપિયા ચાર લાખથી વધુની રકમ ઓળવી જઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી હતી. બનાવના પગલે પીએસઆઈ વી.એચ.પરમારે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચના બાકડા પર મહિલા તબીબનો આપઘાતઃ અરેરાટી

### સ્યુસાઈટ નોટ મળીઃ પીઆઈ ખાચર સાથે અણ બનાવ બનતા તબીબે પગલુ ભર્યુંઃ ઈમોશનલ ગેમ રમાઈ હોવાનો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પ્રાંગણમાં ગઈકાલે એક મહિલા ડોક્ટરે આપઘાત કર્યો હતો. મહિલા ક્રાઇમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખામાં અધિકારીને મળવા આવ્યા હતા તે દરમિયાન તેનું મોત થયું હતું. આથી ગાયકવાડ હવેલી પોલીસે મહિલા ડોક્ટરના મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. તપાસમાં મૃતક પાસેથી સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં ઊઘઠના PI બી.કે ખાચર અને



મહિલા ડોક્ટર વચ્ચે પ્રેમસંબંધ હોવાનો ઘટસ્ફોટ થયો છે.

E ડિવિઝન ઇન્ચાર્જ એસીપી હિતેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે વૈશાલી જોશી નામની યુવતીની ક્રાઇમ બ્રાન્ચના અંદર આવેલા બાકડા પરથી ડેડબોડી મળી હતી. મૃતક પાસેથી એક પાનાની સુસાઈડ નોટ મળી આવી છે અને એક ડાયરી પણ મળી આવી છે. ડાયરી જે રોજ લખતા હોય તે પ્રકારની ડાયરી છે. સુસાઈડ નોટમાં લખ્યું કે, મારી સાથે ઈમોશનલ ગેમ રમાય છે. હું જે પગલાં ભરવા જઇ રહી છું તેના માટે બી.કે. ખાચર જવાબદાર છે. મારા મોત બાદ અંતિમવિધિ બી.કે. ખાચર જ કરે તેવી મારી ઈચ્છા છે.

સુસાઈડ નોટ અંગે એસીપીએ જણાવ્યું કે, સુસાઈડ નોટમાં ઊઘઠના પીઆઈ બી.કે. ખાચરના નામનો ઉલ્લેખ છે. અમે બી.કે. ખાચરનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ બનાવ બાદ બી.કે. ખાચરનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી. મૃતક અને પીઆઈ ખાચર છેલ્લા ૪ વર્ષથી એકબીજાના પ્રેમ સબંધમાં હતા. બંને વચ્ચે કોઈ બાબતને લઈને અણબનાવ બનતા મૃતકે અંતિમ પગલું ભર્યું છે.

વધુમાં જણાવ્યું હતું કે, ડો. વૈશાલી વિનોદચંદ્ર જોશી (ઉં.વ.૩૨) ખેડાના ડેભારી ગામના વતની અને અપરિણીત હતા. શિવરંજની ખાતે પીજીમાં રહી છેલ્લા પાંચ વર્ષથી ખાનગી હોસ્પિટલમાં ડોક્ટર તરીકે સેવા આપતા હતા. બી.કે. ખાચર સાથે પ્રેમસંબંધમાં વિક્ષેપ પડતા ડો. વૈશાલી થોડાક સમયથી ડિપ્રેશનમાં હતા તેવું તેણે સુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો છે. સ્થાનિક પોલીસ અકસ્માતે ગુનો નોંધ્યો છે. ડો. વૈશાલીની ડેડબોડી તેના સગા-સંબંધીઓને આપવાની તજવીજ હાથ ધરાઇ છે.

# સોની બજારમાં છ સોની વેપારીનું રૂા.૨ કરોડનું સોનુ લઈ શખ્સ ફરાર

### દુબઈથી સસ્તામાં સોનુ મંગાવવાનું વેપારીઓને ભારે પડયુંઃ એ.ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા સોની બઝારમાંથી અડધો ડઝન જેટલા સોની વેપારી પાસેથી દાગીના વેચવા માટે લઈ જવાનુ કહી વેપારી બે કરોડના દાગીના લઈ દુકાન અને મકાનને તાળા મારી વેપારી નાસી જઈ છેતરપીંડી કર્યાની ફરીયાદ કરતા એડવીઝન પોલીસે તપાસ કરી આરોપી સામે ગુનો નોંધવાની તેમજ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

લક્ષ્મીવાડી મેઈન રોડ પર હરિકૃષ્ણ એપાર્ટમેન્ટમાં ફ્લેટમાં રહેતાં હિતેશભાઈ નારણભાઈ પારેખએ એ. ડિવિઝન પોલીસ મથકમાં લક્ષ્મીવાડીના શૈલેષ હરગોવિંદ પાલા સામે લેખીતમાં ફરીયાદ કરી હતી જેમા જણાવ્યું હતું કે, તેઓ હાથીખાનામાં મેઈન રોડ પર સીલ્વર માર્કેટમાં ૨૦ વર્ષથી સોનાના દાગીનાનો વેપાર કરે છે તેઓની દુકાનની સામે શૈલેષ પાલાની દુકાન આવેલ છે અને તે સોનાના દાગીના ખરીદ વેચાણ કરે છે ફરિયાદી શૈલેષભાઇને બે- ત્રણ મહીનાથી ઓળખે છે અને તેની સાથે અવાર-નવાર સોનાના દાગીનાનુ ખરીદ વેચાણ કરે છે. શૈલેષ પાલાને દસ-બાર દીવસ પહેલા કટકે-કટકે ૫૫૦ ગ્રામ સોનાના તૈયાર દાગીના જેમાં કાનની બાલી તથા માળા વેચવા માટે આપેલ અને જેમાથી તેમને ૧૫૦ ગ્રામ સોનુ ફાઇન કટકે કટકે પરત આપેલ હતું.

તેમજ બાકી રહેલ ૪૦૦ ગ્રામ સોનુ લેવા માટે તેઓ ગઈકાલે બપોરના દોઢેક વાગ્યે તેઓની દુકાને ગયેલ ત્યારે તેઓએ સાંજના સમયે શૈલેષ પાલાની દુકાને ગયેલ તો ત્યાં અન્ય સોની વેપારી પણ હાજર હતાં. જેઓ પણ તેમને આપેલ સોનાના દાગીના પરત લેવા માટે આવેલ હતાં જેમાં સોની પંકજભાઈ ઓધવજીભાઈ લુંભાણી ૧ કરોડના ૧૬૫૦ ગ્રામ સોનાના દાગીના, સોની તેજસભાઇ મનોજભાઈ પારેખ ૧૯.૫૦ લાખના ૩૦૦ ગ્રામ સોનાના દાગીના, સોની નીશીતભાઇ રાજેન્દ્રભાઈ ગીરીયા ૩૩ લાખના ૫૦૪ ગ્રામ સોનાના દાગીના, સોની કૃણાલભાઇ હસમુખભાઇ સાગરનું ૧૦.૪૦ લાખના ૧૬૦ ગ્રામ સોનાના દાગીના તેમજ સોની મીત નરેન્દ્રભાઇ આડેસરા ૮ લાખના ૧૪૦ ગ્રામ સોનાના દાગીના પરત લેવા શૈલેષ પાલાની દુકાને આવેલ હતાં. તેમજ અન્ય વેપારીએ જણાવેલ કે શૈલેષ અમારી પાસેથી સોનાના દાગીના વેચાણ કરવા માટે લઈ ગયેલ જેમા છ સોની વેપારીના સોનાના દાગીના આશરે બે કરોડના લઈ શૈલેષ પાલા ફરાર થઈ ગયાનુ જણાવતા એડવીઝન પીઆઈ બારોટ સહીતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી.

# ભગવતીપરામાં ચાર વર્ષ પહેલાં સગીરા પર દુષ્કર્મ કરનાર શખ્સને આજીવન કેદની સજા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૨૦૨૦માં મકરસંક્રાંતિ પર્વના દિવસે ૧૫ વર્ષીય સગીરાનું અપહરણ કરી ચાર પાંચ દિવસ સુધી દુષ્કર્મ આચરવાના ગુનામાં જે તે વખતે સગીરાના દાદાએ ફરિયાદ નોંધાવી હોય પોલીસે આરોપીની ધરપકડ કરી હતી દરમિયાન ફરિયાદીનું મોત થયું હોય આ કેસમાં પોક્સો કોર્ટએ આરોપીને આજીવન કેદની સજા અને ૩ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

રાજકોટમાં રહેતી ૧૫ વર્ષીય સગીરાને ૨૦૨૦માં ભગવતીપરાનો સુરેશ ઉર્ફે વિસુ મુછડિયા અપહરણ કરી લઈ ગયો હતો અને ચાર પાંચ દિવસ સુધી દુષ્કર્મ આચર્યું હતુ આ બનાવ અંગે સગીરાના દાદાએ પ્રનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે ધરપકડ કરી હતી દરમીયાન ફરિયાદી દાદાનું મારામારીમાં અવસાન થતા હત્યાનો ગુનો નોંધાયો હતો દુષ્કર્મનો કેસ ચાલવા ઉપર આવતા ભોગ બનનારની જુબાની, મેડીકલ ઓફિસરનો અભિપ્રાય ગુનાને સમર્થન આપતું હોય જેથી કેસ સાબીત થતો હોય પોક્સો કોર્ટના જજ બી બી જાદવએ આરોપીને તકસીરવાન ઠેરવી દુષ્કર્મના કેસમાં આજીવન કેદ તથા કલમ ૩૬૩ કે અપહરણમાં ૩ વર્ષની સજા, કલમ ૩૬૬માં ૫ વર્ષની સખ્ત કેદની સજા, પોક્સોની કલમ ૬માં આજીવન કેદની સજા અને ૫૨ હજાર દંડ તેમજ ભોગ બનનારને ૩ લાખ વળતર ચૂકવવા હુકમ કરેલ છે.